Sunday
25.10.2026
*Volume :11 * Issue No.113
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-



# પ્રધાનમંત્રી ૨૫ ઓક્ટોબરે ઉત્તર પ્રદેશ અને ઓડિશાની મુલાકાત લેશે

- મહિલા નેતૃત્વ હેઠળની ઉત્પાદન પહેલ વારાણસીને વૈશ્વિક બજારો સાથે જોડશે
- પ્રધાનમંત્રી વારાણસીના નમો ઘાટ ખાતે એર ફોર્સ ડે એરિયલ ડિસ્પ્લે-૨૦૨૬ના સાક્ષી બનશે
- ભારતીય વાયુસેનાની ૯૪મી વર્ષગાંઠ નિમિત્તે યોજાનાર કાર્યક્રમ "વિંગ્સ ઓવર ગંગા" થીમ હેઠળ યોજાશે
- પ્રધાનમંત્રી ભુવનેશ્વરમાં RBIના નવસ્થાપિત ડેટા સેન્ટર અને સાયબર સિક્યોરિટી ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટનું ઉદ્ઘાટન કરશે

## પ્રધાનમંત્રી વારાણસીમાં નવા ગાર્મેન્ટ મેન્યુફેક્ચરિંગ યુનિટનું ઉદ્ઘાટન કરશે

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૫ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ ઉત્તર પ્રદેશ અને ઓડિશાની મુલાકાત લેશે. સવારે આશરે ૧૧ વાગ્યે, પ્રધાનમંત્રી વારાણસીમાં એક નવા ગાર્મેન્ટ મેન્યુફેક્ચરિંગ યુનિટનું ઉદ્ઘાટન કરશે. બપોરે આશરે ૧ વાગ્યે, તેઓ મુખ્ય અતિથિ તરીકે વારાણસીના નમો ઘાટ ખાતે એર ફોર્સ ડે એરિયલ ડિસ્પ્લે-૨૦૨૬ના સાક્ષી બનશે. ત્યારબાદ, પ્રધાનમંત્રી ઓડિશા જશે, જ્યાં સાંજે આશરે ૪:૪૫ વાગ્યે, તેઓ ભુવનેશ્વરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડેટા સેન્ટર અને સાયબર સિક્યોરિટી ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટનું ઉદ્ઘાટન કરશે. તેઓ આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને પણ સંબોધિત કરશે.

**પ્રધાનમંત્રી વારાણસીમાં**

પ્રધાનમંત્રી ઉત્તર પ્રદેશના વારાણસીમાં અરવિંદ લિમિટેડના નવા ગાર્મેન્ટ મેન્યુફેક્ચરિંગ યુનિટનું ઉદ્ઘાટન કરશે. આ સુવિધા ભારતના ટેક્સટાઈલ અને એપેરલ ઉત્પાદન ઈકોસિસ્ટમને મજબૂત કરવા અને ક્ષેત્રમાં ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે. આધુનિક ઉત્પાદન પદ્ધતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને, આ સુવિધા અર્થપૂર્ણ રોજગારીની તકો ઊભી કરશે, ખાસ કરીને મહિલાઓ માટે, અને આ ક્ષેત્રની આર્થિક પ્રગતિમાં યોગદાન આપશે. આ ઉદ્ઘાટન ઔદ્યોગિક રોકાણ અને ઉત્પાદન-આધારિત વિકાસ માટેના સ્થળ તરીકે ઉત્તર પ્રદેશની વધતી જતી ભૂમિકાને પણ રેખાંકિત કરે છે. વૈશ્વિક ગ્રાહક આધાર સાથે, તે એક પુરાવો છે કે વારાણસીમાં ઉત્પાદિત ઉત્પાદનો વિશ્વભરમાં કેવી રીતે પહોંચશે. મુખ્યત્વે મહિલા સંચાલિત પહેલ હોવાને કારણે, તે મહિલા નેતૃત્વ હેઠળના વિકાસનું એક શક્તિશાળી પ્રતિક છે. પ્રધાનમંત્રી વારાણસીના નમો ઘાટ ખાતે એર ફોર્સ ડે એરિયલ ડિસ્પ્લે-૨૦૨૬ના સાક્ષી બનશે. આ કાર્યક્રમ ભારતીય વાયુસેનાની ૯૪મી વર્ષગાંઠ નિમિત્તે યોજાશે અને તે "વિંગ્સ ઓવર ગંગા" થીમ હેઠળ યોજાશે. એરિયલ ડિસ્પ્લેમાં તેજસ, લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર (LCH) પ્રચંડ, SU-30MKI અને રાફેલ સહિતના વિમાનો તેમજ ટ્રાન્સપોર્ટ વિમાનો રજૂ કરવામાં આવશે. ભારતીય નૌકાદળ અને ભારતીય સેનાના વિમાનો પણ ભાગ લેશે, જે કામગીરીમાં સંયુક્તતાનું પ્રદર્શન કરશે. સૂર્ય કિરણ એરોબેટિક ટીમ અને સારંગ હેલિકોપ્ટર ડિસ્પ્લે ટીમ સહિત ભારતીય વાયુસેનાની અગ્રણી ડિસ્પ્લે ટીમો પણ આ કાર્યક્રમમાં ભાગ લેશે. આ ડિસ્પ્લે સચોટ ફ્લાઈંગ, સંકલન અને ઓપરેશનલ શ્રેષ્ઠતા દર્શાવશે.

**પ્રધાનમંત્રી ભુવનેશ્વરમાં**

ભારતની નાણાકીય પ્રણાલીના ટેકનોલોજીકલ પાયાને મજબૂત કરવામાં એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન ચિહ્નિત કરતા, પ્રધાનમંત્રી ભુવનેશ્વરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના નવસ્થાપિત ડેટા સેન્ટર અને સાયબર સિક્યોરિટી ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટનું ઉદ્ઘાટન કરશે. તે બેંકની કોમ્પ્યુટિંગ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે અને બેંક તથા વ્યાપક નાણાકીય ક્ષેત્ર માટે સુરક્ષિત, સ્થિતિસ્થાપક, સ્કેલેબલ અને ભવિષ્ય માટે તૈયાર કોમ્પ્યુટિંગ ઈકોસિસ્ટમ પ્રદાન કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે. ચાર અત્યાધુનિક ડેટા સેન્ટરો મિશન-ક્રિટીકલ પેમેન્ટ અને સેટલમેન્ટ સિસ્ટમ્સ તેમજ અન્ય ફ્લેગશિપ પહેલોનું આતિથ્ય કરશે. આ સુવિધાને અપ્ટાઈમ ઈન્સ્ટિટ્યૂટ ટાયર IV સ્ટાન્ડર્ડ - ડેટા સેન્ટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેના વૈશ્વિક બેંચમાર્ક - માટે પ્રમાણિત કરવામાં આવી છે, જે તેને ઓપરેશનલ સ્થિતિસ્થાપકતાના સર્વોચ્ચ ટાયરમાં મૂકે છે. તે વિશ્વભરમાં BFSI (બેંકિંગ, નાણાકીય સેવાઓ અને વીમો) ક્ષેત્રમાં સૌથી મોટા ટાયર IV પ્રમાણિત કેન્દ્રોમાંનું એક છે.

તે ડિજિટલ નાણાકીય સેવાઓનો વ્યાપ, કાર્યક્ષમતા અને વિશ્વસનીયતા વધારવામાં યોગદાન આપશે, અને એક સુરક્ષિત ડિજિટલ પાયો બનાવશે જેના પર ભારતની વધુને વધુ ટેક્નોલોજી-સંચાલિત નાણાકીય અર્થવ્યવસ્થા વધી શકે છે. તે સેન્ટ્રલ બેંકિંગ સમુદાયમાં ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં લીડર તરીકે રિઝર્વ બેંકના અનન્ય સ્થાનને મજબૂત કરવામાં પણ મદદ કરશે.

સાયબર સિક્યોરિટી ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ ક્ષમતા નિર્માણને વેગ આપશે, સાયબર સિક્યોરિટી અને એન્ટરપ્રાઈઝ-ટેકનોલોજી તાલીમ, સંશોધન અને ક્ષેત્ર-વ્યાપી ક્ષમતા વિકાસ માટે એક સમર્પિત સંસ્થાકીય મંચ પ્રદાન કરશે. આ સંસ્થા ક્વોન્ટમ કોમ્પ્યુટિંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને અન્ય અગ્રણી ટેક્નોલોજી સહિત BFSI ક્ષેત્રને લગતી અદ્યતન ટેક્નોલોજી પર ધ્યાન કેન્દ્રિત કરશે.

# ગુજરાત સરકાર અને સ્કોટલેન્ડ વચ્ચે ગાંધીનગરમાં મહત્વપૂર્ણ MoU થયા

## પરસ્પર મિત્રતા અને સમજણનો સેતુ સુદ્રઢ બનાવીને પીપલ કનેક્ટ – ઈકોનોમિક રિલેશન્સ ડેવલપમેન્ટ – સસ્ટેનેબલ એન્ડ ઈક્લુઝિવ ઈકોનોમિક ડેવલપમેન્ટ – ઈનોવેશન સેક્ટર્સમાં તકો વિકસાવાશે



કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને સ્કોટલેન્ડ ગવર્નમેન્ટના ફર્સ્ટ મિનિસ્ટર શ્રીયુત જોન સ્વિનીની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં ગુજરાત સરકાર અને સ્કોટલેન્ડ ગવર્નમેન્ટ વચ્ચે એક મહત્વપૂર્ણ MoU સંપન્ન થયા હતા. આ MoU અન્વયે ગુજરાત અને સ્કોટલેન્ડ વચ્ચે પરસ્પર મિત્રતા અને સમજણનો સેતુ સુદ્રઢ બનાવવા સાથો-સાથ પીપલ કનેક્ટ, ઈકોનોમિક રિલેશન્સ ડેવલપમેન્ટ તેમજ સસ્ટેનેબલ એન્ડ ઈક્લુઝિવ ઈકોનોમિક ડેવલપમેન્ટ ઉપરાંત ઈનોવેશન અને સમૃદ્ધિ માટેના સહયોગને પ્રોત્સાહિત કરવામાં આવશે. એટલું જ નહિ, નોલેજ એન્ડ એક્સપિરીયન્સ શેરિંગ તેમજ મ્યુચ્યુઅલ ઈન્ટરેસ્ટના ક્ષેત્રોમાં પણ વ્યવહારૂ સહયોગની તકો વિકસાવાશે. મુખ્યમંત્રીશ્રી સાથે ગાંધીનગરમાં સ્કોટલેન્ડ ગવર્નમેન્ટના ફર્સ્ટ મિનિસ્ટર શ્રીયુત જોન સ્વિની અને ડેલિગેશનની યોજાયેલી શુભેચ્છા મૂલાકાત દરમિયાન આ MoU થયા હતા. મુખ્યમંત્રી અને સ્કોટલેન્ડના ફર્સ્ટ મિનિસ્ટરશ્રીએ MoUની પરસ્પર આપ-લે કરી હતી. ગુજરાત ૨૦૩૦ની કોમનવેલ્થ ગેઈમ્સની યજમાની કરવાનું છે ત્યારે ૨૦૨૬ની કોમનવેલ્થ ગેઈમ્સ ગ્લાસગોમાં સફળતાપૂર્વક પૂર્ણ કરવાના સ્કોટલેન્ડના અનુભવો, વર્લ્ડક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, ફિટનેસ કલ્ચરને પ્રોત્સાહન જેવા વિષયોમાં ગુજરાતને સ્કોટલેન્ડનું માર્ગદર્શન અને સહયોગ મેળવવામાં આ MoU ઉદ્દીપક બનશે. ગુજરાત અને સ્કોટલેન્ડ વચ્ચે વ્યવસાયો અને સંપર્ક સહયોગ વધારવા, વેપાર તથા રોકાણની તકોને પ્રોત્સાહિત કરવા અને ઈનોવેશન, ઉદ્યોગસાહસિકતા તથા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે નોલેજ એન્ડ એક્સપિરિયન્સ શેરીંગ તેમજ બાયલેટરલ વિશિષ્ટ ક્ષમતાઓના આધારે પરસ્પર લાભદાયી ભાગીદારીનાં ક્ષેત્રો ઓળખવા માટેની બાબતો MoUમાં આવરી લેવાઈ છે. ગુજરાત અને સ્કોટલેન્ડ વચ્ચેના સમાન હિતો ધરાવતા સેક્ટર્સમાં પરસ્પર સહયોગથી આગળ વધવામાં પણ આ MoU ઉપયુક્ત બનશે. સ્કોટલેન્ડના ફર્સ્ટ મિનિસ્ટર શ્રીયુત જોન સ્વિનીએ કલ્ચર, સ્પોર્ટ્સ, રિન્યુએબલ એનર્જી તથા લાઈફ સાયન્સીસના ક્ષેત્રોમાં ગુજરાત-સ્કોટલેન્ડ વચ્ચે આ સમજૂતિ કરારથી નવી વિકાસ તકો ખૂલશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો. તેમણે ખાસ કરીને ઓફ શોર એનર્જીમાં સ્કોટલેન્ડની જે એક્સપર્ટીઝ છે તેનો લાભ ગુજરાતને આપવાની ઉત્સુકતા દર્શાવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં પ્રતિભાવ આપતાં કહ્યું કે, ગુજરાત સમગ્ર દેશમાં રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે અગ્રણી રાજ્ય છે.

એટલું જ નહિ, સૌથી લાંબો દરિયા કિનારો ધરાવતા ગુજરાતમાં ઓફશોર એનર્જીની પણ વિપૂલ સંભાવનાઓ અને ક્ષમતાઓ રહેલી છે. સ્કોટલેન્ડ ઓફ શોર એનર્જીમાં ગ્લોબલ લીડર છે ત્યારે એ તજજ્ઞતામાંથી માર્ગદર્શન મેળવવા અને અભ્યાસ માટે ગુજરાતનું એક ડેલિગેશન સ્કોટલેન્ડ મૂલાકાતે જાય તેવો સુઝાવ પણ મુખ્યમંત્રીશ્રીએ બેઠક દરમિયાન વ્યક્ત કર્યો હતો. મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસે સ્કોટલેન્ડના ડેલિગેશનને ગુજરાતમાં આવકારવા સાથે પરસ્પરના સંબંધોમાં સ્પોર્ટ્સ, રિન્યુએબલ એનર્જી, ઈકોનોમિક પાર્ટનરશીપ, સાંસ્કૃતિક આદાન-પ્રદાન વગેરેમાં મિત્રતાના સહયોગની અપાર સંભાવનાઓની વિસ્તૃત ભૂમિકા આપી હતી. તેમણે MoUમાં જે વિષયો વણી લેવામાં આવ્યા છે તેની પણ વિગતો આપતાં કહ્યું કે, વધુ સસ્ટેનેબલ ઈકોનોમી તરફના ટ્રાન્સફર્મેશન માટે સંબંધિત વ્યવસાયો, સંસ્થાઓ અને નિષ્ણાતો વચ્ચે જોડાણ મજબૂત કરવા, જ્ઞાન, અનુભવો અને શ્રેષ્ઠ પદ્ધતિઓનું શેરીંગ કરવા તથા નવીનતા, કૌશલ્ય વિકાસ અને વ્યાવસાયિક તેમજ સંસ્થાકીય ભાગીદારીની તકો અંગે પણ MoU ઉપયુક્ત બનશે. ગુજરાત અને સ્કોટલેન્ડની યુનિવર્સિટીઓ, કોલેજો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે જોડાણ, શૈક્ષણિક તથા સંશોધન સહયોગથી જ્ઞાન તથા કૌશલ્યને પ્રોત્સાહિત કરાશે તેમજ પરસ્પર હિતનાં ક્ષેત્રોમાં વિદ્યાર્થીઓ, સંશોધકો, શિક્ષકો અને સંસ્થાઓ વચ્ચે સંબંધો મજબૂત કરવા માટે પણ MoU ઉપયોગી બની રહેશે. સંસ્કૃતિ, વારસો અને સર્જનાત્મક ઉદ્યોગો દ્વારા ગુજરાત અને સ્કોટલેન્ડના લોકો વચ્ચે પરસ્પર સમજણ અને દીર્ઘકાલીન સંબંધોને પ્રોત્સાહિત કરવાની બાબતનો પણ MoUમાં સમાવેશ થાય છે તેનો પણ મુખ્ય સચિવશ્રીએ ઉલ્લેખ કર્યો હતો. ઉદ્યોગ વિભાગના કાર્યકારી અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવ ટોપનોએ સૌનો આભાર વ્યક્ત કરતાં આ MoUને પરિણામે એજ્યુકેશન એન્ડ સ્કીલીંગ, સ્પોર્ટ્સ અને એનર્જી સેક્ટરમાં ડાયલોગ અને ટ્રસ્ટ તથા મિનિંગફૂલ પાર્ટનરશીપ ઊભી થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, શહેરી વિકાસ અને શિક્ષણના અગ્ર સચિવશ્રીઓ, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્રસચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે અને વિવિધ વિભાગોના વરિષ્ઠ સચિવો આ બેઠકમાં સહભાગી થયા હતા.

# વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંતર્ગત નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત ડેલિગેશન દક્ષિણ કોરિયા પહોંચ્યું

## ટેક્સટાઇલ મશીનરી અને ફેબ્રિક મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે ટેકનિકલ આદાનપ્રદાન તથા રોકાણની તકો અંગે વિસ્તૃત ચર્ચા કરાઈ





**કોરિયા ટેક્સટાઇલ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટની મુલાકાત લઈ ગુજરાત અને કોરિયા વચ્ચે ઔદ્યોગિક સહયોગ વધારવા પર ભાર મુકાયો**

કમલમ્,

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંતર્ગત વૈશ્વિક ભાગીદારીને મજબૂત બનાવવાના ઉદ્દેશ સાથે જાપાનના સફળ પ્રવાસ બાદ ગુજરાતનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ આજે દક્ષિણ કોરિયા પહોંચ્યું છે. દક્ષિણ કોરિયાનું 'દેગુ' (Daegu) શહેર દેશનું અગ્રણી અને પ્રમુખ ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી હબ માનવામાં આવે છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં આ ડેલિગેશને દેગુ સ્થિત 'કોરિયા ટેક્સટાઈલ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ' (KTDI) ખાતે આયોજિત 'ગુજરાત–કોરિયા ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી કો-ઓપરેશન રાઉન્ડટેબલ' બેઠકમાં ભાગ લીધો હતો. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, "ગુજરાતની ઓળખમાં ટેક્સટાઈલ વણાયેલું છે. કપાસના ખેતરોથી લઈને સ્પિનિંગ મિલો સુધી, અને અમદાવાદના ડેનિમથી લઈને સુરતના સિન્થેટિક ફેબ્રિક્સ સુધી—ગુજરાત 'ફાર્મ ટુ ફાઈબર, ફેક્ટરી ટુ ફેશન અને ફોરેન માર્કેટ્સ' સુધીની સમગ્ર વેલ્યુ ચેઈનને એક તાંતણે જોડે છે. ભારતનું અંદાજે ત્રીજા ભાગનું મેન-મેડ ફાઈબર ઉત્પાદન અને લગભગ ૬૫% ડેનિમ ઉત્પાદન એકલું ગુજરાત પૂરું પાડે છે. કોરિયા પાસે અદ્યતન ટેકનોલોજી, એડવાન્સ્ડ ફાઈબર્સ અને પરફોર્મન્સ મટિરિયલ્સની ઉત્કૃષ્ટ કુશળતા છે, જ્યારે ગુજરાત પાસે વિશાળ મેન્યુફેક્ચરિંગ ક્ષમતા અને ઈન્ટિગ્રેટેડ સપ્લાય ચેઈન છે. કોરિયાનું ઈનોવેશન અને ગુજરાતનું સાહસિક કૌશલ્ય સાથે મળીને વૈશ્વિક ટેક્સટાઈલ ક્ષેત્રે નવી ક્રાંતિ સર્જી શકે છે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, "નવસારી ખાતે આશરે ૧,૧૪૨ એકરમાં આકાર લઈ રહેલો 'પીએમ મિત્રા ટેક્સટાઈલ પાર્ક' (PM MITRA Park) સ્પિનિંગ, વીવિંગ, પ્રોસેસિંગ, ટેકનિકલ ટેક્સટાઈલ અને ગારમેન્ટિંગ સહિતના સમગ્ર ઈકોસિસ્ટમને એક જ છત્ર હેઠળ લાવશે, જે કોરિયન કંપનીઓ માટે સહયોગ અને રોકાણનું એક આદર્શ પ્લેટફોર્મ પૂરું પાડે છે. સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ, હજીરા પોર્ટ અને ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરની ઉત્તમ કનેક્ટિવિટી આ પાર્કને વૈશ્વિક સ્તરે વધુ સક્ષમ બનાવે છે. અમે કોરિયન ઉદ્યોગસાહસિકોને માત્ર ઔપચારિક આમંત્રણ આપવા નથી આવ્યા પરંતુ તેમની જરૂરિયાતો સાંભળીને આગળ વધવા ઉત્સુક છીએ. આવો, ગુજરાતની મુલાકાત લો અને ઈનોવેશન તેમજ સસ્ટેનેબલ ગ્રોથ સાથે ભારત–કોરિયા મૈત્રીનો એક નવો અધ્યાય સાથે મળીને વણીએ." આ વિશેષ બેઠકનો મુખ્ય હેતુ ગુજરાત અને દક્ષિણ કોરિયાના ટેક્સટાઈલ ક્ષેત્ર, ખાસ કરીને ટેક્સટાઈલ મશીનરી અને ફેબ્રિક મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે તકનીકી આદાનપ્રદાન, વ્યાપારી સહયોગ અને સંભવિત રોકાણોની તકો શોધવાનો હતો. આ બેઠકની શરૂઆતમાં નાયબ મુખ્યમંત્રીશ્રી અને ડેલિગેશને KTDIના અદ્યતન રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, પાઈલટ ફેસિલિટીઝ તથા ટેસ્ટિંગ અને એનાલિસિસ સેન્ટરનું નિરીક્ષણ કર્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં 'યંગવન કોર્પોરેશન'ના પ્રેસિડેન્ટ શ્રી જે-યોંગ પાર્ક ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. સિયોલ સ્થિત ભારતીય દૂતાવાસના ડેપ્યુટી ચીફ ઓફ મિશન શ્રી નિશિકાંત સિંઘે પ્રારંભિક વક્તવ્ય આપી બંને દેશો વચ્ચેના વ્યાપારિક સંબંધો પર પ્રકાશ પાડ્યો હતો. ઉદ્યોગ અને ખાણ વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી શ્રીમતી મમતા વર્માએ ગુજરાતના સમૃદ્ધ ટેક્સટાઈલ ઉદ્યોગ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અનુકૂળ નીતિઓ અને કોરિયન કંપનીઓ માટે સહયોગની ઉજ્જવળ તકો અંગે પ્રભાવશાળી પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ મુખ્ય વક્તવ્ય આપતાં ટેક્સટાઈલ ક્ષેત્રે વૈશ્વિક સ્તરે આગવી ઓળખ ધરાવતા દેગુ શહેરના અગ્રણી ટેક્સટાઈલ અને મશીનરી ઉત્પાદકોને આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં સહભાગી થવા તેમજ ગુજરાતમાં રોકાણ અને સંયુક્ત સાહસો સ્થાપવા ભાવભર્યું આમંત્રણ આપ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે ગુજરાતનું ટેક્સટાઈલ ઈકોસિસ્ટમ કોરિયાની અત્યાધુનિક ટેકનોલોજી સાથે જોડાઈને પરસ્પર વિકાસના નવા દ્વાર ખોલશે.

બેઠકમાં ઉપસ્થિત કોરિયન ટેક્સટાઈલ મશીનરી અને ફેબ્રિક ઉત્પાદકો સાથે પ્રશ્નોત્તરી તથા પરસ્પર સહયોગ અંગે વિસ્તૃત વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો.

## તંત્રી સ્થાનેથી......

ગુજરાત સરકાર દ્વારા ડિજિટલ સેવાઓને વધુ સરળ, ઝડપી અને નાગરિકલક્ષી બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. સામાન્ય વહીવટ વિભાગના ૨૧ ઓક્ટોબર, ૨૦૨૬ના પરિપત્ર અનુસાર, ડિજિટલ પોર્ટલ મારફતે આપવામાં આવતા તમામ પ્રમાણપત્રો અને દાખલાઓ પર તે જારી કરનાર સક્ષમ અધિકારીની કચેરીની વિગતો સાથેનો અધિકૃત ગોળ સિક્કો (Round Seal) દર્શાવવા માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. આ વ્યવસ્થાથી પ્રમાણપત્ર મેળવ્યા બાદ સિક્કો કરાવવા માટે સંબંધિત કચેરીમાં અલગથી જવાની જરૂરિયાત ઘટાડવાનો માર્ગ મોકળો થશે. ડિજિટલ ગુજરાત ૨.૦ અંતર્ગત સરકારી સેવાઓને શરૂઆતથી અંત સુધી ડિજિટલ, સુગમ અને કાગળવિહોણી બનાવવાના પ્રયાસોને પણ તે વેગ આપશે. ડિજિટલ પ્રમાણપત્રથી લઈને અધિકૃત સિક્કા સુધીની પ્રક્રિયા વધુ સુગમ બનશે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સીધા નેતૃત્વ હેઠળ કાર્યરત સામાન્ય વહીવટ વિભાગ (જીએડી) દ્વારા લેવામાં આવેલા નિર્ણય મુજબ હાલમાં ડિજિટલ પોર્ટલ પરથી મળતાં ઈ-પ્રમાણપત્રો પર પ્રમાણપત્ર આપનાર અધિકારીનો ગોળ સિક્કો દર્શાવવામાં આવતો ન હોવાને કારણે અરજદારોને સિક્કો કરાવવા માટે સંબંધિત કચેરીમાં જવું પડતું હતું. આ વધારાની પ્રક્રિયાને કારણે નાગરિકોના સમય અને શ્રમનો વ્યય થતો હતો તથા કામગીરીમાં વિલંબ થવાની સ્થિતિ ઊભી થતી હતી. આ સમસ્યાના ઉકેલ માટે હવે પ્રમાણપત્રો અને દાખલાઓ પર લાગુ કાયદા, નિયમો અને સૂચનાઓ અનુસાર અધિકૃત ગોળ સિક્કો દર્શાવવાની વ્યવસ્થા વિકસાવવામાં આવશે. સિક્કા સાથે પ્રમાણપત્ર મંજૂર કરનાર સક્ષમ અધિકારીની કચેરીની સંપૂર્ણ વિગતો પણ દર્શાવવામાં આવશે.

ડિજિટલ ગુજરાત ૨.૦ને મળશે વેગ

રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને સૌથી વધુ જરૂર પડતી અને મોટા પ્રમાણમાં ઉપયોગમાં લેવાતી સરકારી સેવાઓની પ્રક્રિયાઓને સરળ બનાવવા ગવર્નમેન્ટ પ્રોસેસ રી-એન્જિનિયરિંગ (GPR) અને બિઝનેસ પ્રોસેસ રી-એન્જિનિયરિંગ (BPR)ની કામગીરી હાથ ધરવામાં આવી છે. 'Digital-by-Default' અભિગમ અંતર્ગત સેવા વિતરણની સમગ્ર પ્રક્રિયાને ડિજિટલ સ્વરૂપ આપીને ડિજિટલ ગુજરાત ૨.૦ સાથે સંકલિત કરવાનો આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

નાગરિકોને થશે સીધો લાભ

- સિક્કો કરાવવા માટે કચેરીની વધારાની મુલાકાત લેવાની જરૂરિયાત ઘટશે.
- સમય, મુસાફરી અને શ્રમની બચત થશે.
- પ્રમાણપત્ર મેળવ્યા પછીની વધારાની ઔપચારિકતાઓ ઘટાડવામાં મદદ મળશે.
- પ્રમાણપત્ર જારી કરનાર સક્ષમ અધિકારીની કચેરીની વિગતો અને અધિકૃત સિક્કાથી દસ્તાવેજની ઓળખ વધુ સ્પષ્ટ બનશે.
- ઑનલાઈન સરકારી સેવાઓ વધુ સુગમ બનશે અને કાગળવિહોણા વહીવટને પ્રોત્સાહન મળશે.

# ૧૫મા 'ઈન્ડિયા ઈન્ડસ્ટ્રીયલ ફેર - ઉદ્યમ ૨૦૨૬' નો ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રારંભ કરાવ્યો

**૫૦૦ થી વધુ પ્રદર્શકો દ્વારા વિવિધ ૧૨ થી વધુ સેક્ટર્સમાં અત્યાધુનિક ટેક્નોલોજી, પ્રોડક્ટ્સનું પ્રદર્શન**





## લઘુ ઉદ્યોગ ભારતી આયોજિત ઉદ્યમ-૨૦૨૬ ચાર દિવસ માટે હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર ખાતે ૫૦ હજાર સ્ક્વેર મીટરના વિશાળ વિસ્તારમાં યોજાશે



કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ૨૩થી ૨૬ ઓક્ટોબર-૨૦૨૬ દરમિયાન લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા યોજાઈ રહેલા ઈન્ડીયા ઈન્ડસ્ટ્રીયલ ફેર-ઉદ્યમ-૨૦૨૬નો ગાંધીનગરના હેલિપેડ ઈવેન્ટ એક્ઝિબિશન સેન્ટર ખાતે પ્રારંભ કરાવ્યો હતો. આ ભવ્ય ઔદ્યોગિક મેળા દ્વારા એમ.એસ.એમ.ઈ. ક્ષેત્રના ઉદ્યોગો, સ્ટાર્ટઅપ્સ, ઉત્પાદકો અને ટેક્નોલોજી ક્ષેત્રના નવીનતા લાવનારાઓ સાથે એક જ પ્લેટફોર્મ પરથી પરસ્પર સહયોગ સાધી વ્યાપારી જોડાણો વિકસાવાશે. આ ફેર ગુજરાત રિજયનના સૌથી મોટા એકસપો તરીકે એન્જીન્યરીંગથી લઈને હેન્ડીક્રાફ્ટ સુધીના દરેક સેક્ટરની MSME ઈકોસિસ્ટમને એક જ છત્ર નીચે આવરી લેતો વિશાળ એક્સપો છે.

આ મેળામાં દેશભરમાંથી આવેલા ૫૦૦થી વધુ પ્રદર્શકો દ્વારા વિવિધ ૧૨થી વધુ સેક્ટર્સમાં અત્યાધુનિક ટેક્નોલોજી, પ્રોડક્ટ્સ અને ઉદ્યોગ સાહસોનું પ્રદર્શન આ ફેરમાં કરવામાં આવ્યું છે. બિઝનેસ નેટવર્કીંગ, રોકાણ ચર્ચાઓ, નિષ્ણાતો દ્વારા માર્ગદર્શક સત્રો અને અદ્યતન ઔદ્યોગિક રજૂઆતો તેમજ B2B, B2G મિટીંગ્સનું પણ આયોજન કરવામાં આવ્યું છે. લઘુ ઉદ્યોગ ભારતીનો આ એકસપો સ્જીસ્ઈ, ઈનોવેશન્સ, એન્ટરપ્રિનીયોરશીપ અને ઈકોનોમિક ગ્રોથ માટેનું સક્ષમ મંચ બનવા સાથે આત્મનિર્ભર ભારત અને મેઈક ઈન ઈન્ડીયાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ધ્યેયને બળ આપશે. મુખ્યમંત્રીશ્રીએ આ ૧૫માં ઈન્ડીયા ઈન્ડસ્ટ્રીયલ ફેર-ઉદ્યમ-૨૦૨૬નું ઉદઘાટન કરીને વિવિધ સ્ટોલ્સની મૂલાકાત પણ લીધી હતી.

આ પ્રદર્શનના શુભારંભ પ્રસંગે લઘુ ઉદ્યોગ ભારતીના રાષ્ટ્રીય સંગઠન મંત્રી શ્રી પ્રકાશચંદ્રજી, પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ તથા ગુજરાત પ્રાંત પ્રભારી શ્રી ઘનશ્યામજી ઓઝા, ગુજરાત પ્રાંતના પ્રમુખશ્રી ઈશ્વરભાઈ પટેલ તેમજ મહામંત્રી શ્રી હંસરાજભાઈ ગજેરા, RSS ગુજરાત પ્રાંતના પ્રાંત સહ-સંચાલક ડૉ. ભરતભાઈ પટેલ, સૌરાષ્ટ્ર પ્રાંતના સંઘ ચાલક શ્રી મુકેશભાઈ મલકાણ સહિતના અગ્રણી મહાનુભાવો તથા શ્રી રજના કક્કર અને શ્રી સુનીલ ભાટી સહિત ઉદ્યોગ જગતના પ્રમુખ અગ્રણીઓ અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીનો ભવ્ય 'રાસોત્સવ ૫.૦' નવરાત્રી મહોત્સવ સંપન્ન

**લોકગાયક જીગ્નેશ કવિરાજના સુરીલા કંઠે ખેલૈયાઓ ઝૂમી ઉઠ્યા, હજારો વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં માતાજીની આરતી અને ગરબાની રમઝટ**




કમલમ્,

સિદ્ધપુર સ્થિત ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી દ્વારા આયોજિત ભવ્ય 'રાસોત્સવ ૫.૦' નવરાત્રી મહોત્સવ ખૂબ જ ઉત્સાહ અને ભક્તિભાવ સાથે ઉજવાયો હતો. આ નવરાત્રી મહોત્સવમાં સિદ્ધપુરના લોકલાડીલા ધારાસભ્ય અને ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીના પ્રમુખ માનનીય શ્રી બલવંતસિંહ રાજપૂત પરિવાર સાથે વિશેષ ઉપસ્થિતિ આપી હતી. આ પ્રસંગે તેમણે મા જગદંબાની પૂજા-આરતીના દિવ્ય દર્શનનો લાભ લીધો હતો અને ખેલૈયાઓ સાથે ગરબે ઘૂમીને ઉત્સવની રંગત બમણી કરી હતી. આ કાર્યક્રમમાં ગુજરાતી સંગીત જગતના લોકપ્રિય કલાકાર શ્રી જીગ્નેશ કવિરાજે પોતાના સુરીલા અવાજ અને ધમાકેદાર પર્ફોર્મન્સથી સમગ્ર માહોલને સંગીતમય બનાવી દીધો હતો. તેમના તાલે મોટી સંખ્યામાં ઉપસ્થિત ખેલૈયાઓ મોડી રાત સુધી ગરબે ઝૂમ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે, આ નવરાત્રી મહોત્સવ ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને મા જગદંબા પ્રત્યેની અખૂટ શ્રદ્ધાનું પ્રતીક છે. તેમણે આ ઉત્સવ ઉત્તરોત્તર વધુ સફળતા પ્રાપ્ત કરે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી. આ ભવ્ય કાર્યક્રમમાં રાજકીય અને સામાજિક આગેવાનો, યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરશ્રી, રજિસ્ટ્રારશ્રી, તમામ ડીનશ્રીઓ, અધિકારીઓ, સ્ટાફ મિત્રો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને નવરાત્રી પર્વની ભક્તિમય ઉજવણી કરી હતી.

# કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના જન્મદિવસ નિમિત્તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં બહુચર માતાજીના મંદિરે વિશેષ પૂજન- આરતી કર્યા

**માં બાળા બહુચરની ભવ્ય આરતીમાં અમદાવાદના મેયરશ્રી, સાંસદશ્રી તથા ધારાસભ્યો પણ સહભાગી થયા**



કમલમ્,

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના જન્મદિવસ નિમિત્તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદમાં વિવિધ સેવાકીય કાર્યોમાં સહભાગી થવા ઉપરાંત સાંજે ઘાટલોડિયા મતવિસ્તારમાં આવેલા બહુચર માતાના મંદિરે દર્શન કરીને શ્રી અમિતભાઈના દીર્ઘાયુષ્ય, સ્વાસ્થ્ય અને યશસ્વી ભવિષ્ય માટે આશીર્વાદ મેળવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ માં બાલા બહુચરની વિશેષ પૂજા અને આરતી ઉતારી હતી. આ ભવ્ય આરતીમાં અમદાવાદના મેયર શ્રી હિતેશભાઈ બારોટ, સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, સાંસદ શ્રી દિનેશ મકવાણા, ધારાસભ્ય સર્વેશ્રી બાબુભાઈ જ. પટેલ, શ્રી અમિતભાઈ પી. શાહ, ડૉ. હર્ષદ પટેલ, શ્રી અમિત ઠાકર, શ્રી જિતેન્દ્રભાઈ પટેલ, શ્રી અમૂલ ભટ્ટ, ડૉ. હસમુખ પટેલ, શ્રી દિનેશ કુશવાહા, શ્રીમતી કંચનબહેન રાદડિયા, રાજકીય અગ્રણી શ્રી પ્રેરકભાઈ શાહ, અમ્યુકોના પદાધિકારીઓ, કાઉન્સિલરશ્રીઓ, ઘાટલોડિયા અને સોલા વિસ્તારના લોકો મોટી સંખ્યામાં સહભાગી થયા હતા. મહાનુભાવો સહિત ઉપસ્થિત લોકોએ હાથમાં દીવા સાથે આરતી ઉતારીને શ્રી અમિતભાઈ શાહ માટે માતાજી પાસેથી આશીર્વાદ લીધા હતા.

# કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીની પહેલથી રાજ્યભરમાં વિભાગ હેઠળની ૮૦૦ કચેરીઓ સોલાર રૂફટોપથી સજ્જ કરાશે

**રાજ્યની વિવિધ સહકારી સંસ્થાઓ તથા કૃષિ વિભાગના પ્રત્યેક અધિકારી-કર્મચારીને પોતાના મકાન પર સોલાર રૂફટોપ સ્થાપિત કરવા મંત્રીશ્રીનો અનુરોધ**




કમલમ્,

કૃષિ, પશુપાલન, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા સ્વચ્છ ઊર્જા અને આત્મનિર્ભરતાના સંકલ્પને સાકાર કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. ગાંધીનગર ખાતે કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં તથા કૃષિ રાજ્ય મંત્રી શ્રી રમેશભાઈ કટારાની પ્રેરક ઉપસ્થિતિમાં સ્માર્ટ અને ગ્રીન ઊર્જા અભિયાન અંતર્ગત વિભાગ હેઠળની કુલ ૮૦૦ કચેરીઓ પર સોલાર રૂફટોપ પેનલ ઈન્સ્ટોલેશન માટે "લેટર ઓફ ઈન્ટેન્ટ" (LOI) એનાયતનો કાર્યક્રમ યોજાયો હતો. કૃષિ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, કૃષિ વિભાગની આ પહેલ થકી પર્યાવરણ સુરક્ષા, જાહેર નાણાંનો કાર્યક્ષમ ઉપયોગ અને ઊર્જા સુરક્ષા જેવા ત્રિવિધ હેતુઓ સિદ્ધ થશે. આ સિસ્ટમથી દૈનિક અંદાજે ૮,૭૫૦ યુનિટ અને વર્ષ દરમિયાન અંદાજે ૩૧.૯૪ લાખ યુનિટ ગ્રીન વીજળીનું ઉત્પાદન થવાની અપેક્ષા છે. જેના પરિણામે રાજ્ય સરકારને વાર્ષિક આશરે રૂ. ૨.૫ કરોડના વીજબિલની બચત થશે. મંત્રીશ્રીએ સ્પષ્ટ કર્યું હતું કે, રાજ્યમાં પોતાના તમામ એકમોને ૧૦૦% સોલાર પેનલથી સજ્જ કરનારો આ પ્રથમ વિભાગ બનશે, જે બાદ ક્રમશઃ અન્ય વિભાગોમાં પણ આ વ્યવસ્થા લાગુ કરાશે અને ધીરે-ધીરે રાજ્ય સરકાર હેઠળની તમામ કચેરીઓને સોલાર રૂફટોપથી સજ્જ કરવામાં આવશે. આગામી આયોજન અંગે વિગતો આપતાં મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ભવિષ્યમાં રાજ્યના તમામ માર્કેટિંગ યાર્ડના ગોડાઉન, ડોમ અને સ્ટોરેજ વ્યવસ્થાઓ પણ ક્રમબદ્ધ રીતે સોલારથી સજ્જ થાય તે દિશામાં આયોજન કરવામાં આવી રહ્યું છે. સમગ્ર ડોમ પર સોલાર પેનલ લગાવી વીજળી ઉત્પાદન કરવામાં આવે, તો યાર્ડ પર વીજળીનું આર્થિક ભારણ ઘટશે. મંત્રીશ્રીએ આહ્વાન કર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવા દરેક વ્યક્તિએ ઊર્જા સંરક્ષણમાં સહભાગી થવું પડશે. તેમણે રાજ્યની તમામ સહકારી સંસ્થાઓ તથા વિભાગના તમામ અધિકારીઓ, કર્મચારીઓ અને પત્રકારમિત્રોને પોતાના ઘરે સોલાર પેનલ લગાવવા ઉપરાંત ઓછામાં ઓછા પાંચ અન્ય લોકોને સોલાર રૂફટોપ અપનાવવા પ્રેરિત કરવાનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો. પશુપાલન અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી અરુણકુમાર સોલંકીએ જણાવ્યું હતું કે, કૃષિ મંત્રીશ્રીની પ્રેરણાથી હાથ ધરાયેલી આ પહેલના પરિણામે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન કુલ અંદાજે ૨.૫ મેગાવોટ (૨,૫૦૦ કિલોવોટ) સોલાર રૂફટોપ ક્ષમતા સ્થાપિત કરવામાં આવશે. જેમાં કૃષિ સંશોધન કેન્દ્રો, તાલીમ કેન્દ્રો, યુનિવર્સિટીઓ, પશુરોગ અન્વેષણ કેન્દ્રો, પશુ દવાખાનાં, નર્સરીઓ તથા અન્ય સરકારી સંસ્થાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમના પ્રારંભે કૃષિ વિભાગના અગ્રસચિવ શ્રી આર. સી. મીણાએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું, જ્યારે કાર્યક્રમના અંતે GEDAના નિયામક શ્રી ડી. કે. પટેલે આભારવિધિ કરી હતી. આ પ્રસંગે મત્સ્યોદ્યોગ કમિશનર શ્રી વિજય ખરાડી, સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર શ્રી બી. કે. જોશી, પશુપાલન નિયામક ડૉ. ફાલ્ગુની ઠાકર, ખેતી નિયામક શ્રી આર. પી. રાજપૂત, બાગાયત નિયામકશ્રી, આત્મા નિયામકશ્રી સહિત કૃષિ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સિદ્ધપુરમાં 'છેલ છબીલા દાંડિયા રાસ - ૨૦૨૬'નો ભવ્ય પ્રારંભ

**ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂત રહ્યા ઉપસ્થિત**



## શ્રી બલવીર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા હનુમાનજીની પ્રેરણાથી ધાર્મિક અને સાંસ્કૃતિક ઉત્સવનું આયોજન,

કમલમ્,

સિદ્ધપુર ખાતે શ્રી બલવીર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભગવાન શ્રી હનુમાનજીની પાવન પ્રેરણા અને આશીર્વાદ સાથે ભવ્ય 'છેલ છબીલા દાંડિયા રાસ – ૨૦૨૬' કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક અને સાંસ્કૃતિક ઉત્સવમાં સિદ્ધપુર વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્યશ્રી બળવંતસિંહ રાજપુત વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો અને આયોજકોને બિરદાવ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે, આ પ્રકારના આયોજનો આપણી સમૃદ્ધ પરંપરા, ભક્તિભાવ અને લોકસંસ્કૃતિને જીવંત રાખવાનો એક સુંદર પ્રયાસ છે. આવા ઉત્સવોથી યુવા પેઢીમાં આપણી સંસ્કૃતિ પ્રત્યે ગૌરવ અને ઉત્સાહ વધે છે. આ મંગલ અવસરે શ્રી રણજીતસિંહ સોલંકી, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી પ્રમોદભાઈ પટેલ, શ્રી કૌશલભાઈ જોશી, શ્રી મિહિરભાઈ પાધ્યા, શ્રી અજીતભાઈ ગુરુ, શ્રી નિરંજનભાઈ ઠાકર, શ્રી અનંતભાઈ ઠાકર, શ્રી સંજયભાઈ શુક્લા, શ્રી કનુભાઈ પંચાલ, શ્રી દશરથલાલ પટેલ, શ્રી જશુભાઈ પટેલ, શ્રી જનાર્દનભાઈ શુક્લા, શ્રીમતી સોનલબેન ઠાકર, શ્રી જયંતીભાઈ, શ્રી રાજીવભાઈ, શ્રી કિશનભાઈ ભટ્ટ સહિત સદાબહાર ગ્રુપના તમામ આગેવાનો, બલવીર ગ્રુપના તમામ સભ્યો અને મોટી સંખ્યામાં ધર્મપ્રેમી નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્યશ્રીએ સૌની સાથે આત્મીય મુલાકાત કરી હતી. યુવા પેઢીને ઉત્સાહિત કરતા આ સુંદર આયોજન બદલ શ્રી બલવીર ચેરીટેબલ ટ્રસ્ટના તમામ સભ્યો તથા આયોજકશ્રીઓને ધારાસભ્યશ્રીએ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. અંતમાં ભગવાન શ્રી હનુમાનજી સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્ય જાળવી રાખે તથા સૌનું મંગળ કરે તેવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરવામાં આવી હતી.

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે સ્વ. ધરમશીભાઈ મોરડીયાના જીવનચરિત્ર 'માટી અને માણસાઈ'નું વિમોચન કરાયું

## ધરમશીદાદા સફેદ વસ્ત્રમાં સાધુપુરુષ જેવું જીવન જીવતા હતા : પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી પુરુષોત્તમ રૂપાલા










## આ પુસ્તકના માધ્યમથી સ્વ. ધરમશીભાઈ મોરડીયાના જીવન અને કાર્યોની સુવાસ ગામેગામ પહોંચી શકશે : આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા

કમલમ્,

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે સ્વ. ધરમશીભાઈ મોરડીયાના જીવનચરિત્ર આધારિત પુસ્તક 'માટી અને માણસાઈ'નું વિમોચન કરાયું હતું. અમદાવાદના હાથીજણ ખાતે આવેલા રાધે ઉપવનમાં યોજાયેલા પુસ્તક વિમોચનના કાર્યક્રમમાં આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી પુરુષોત્તમ રૂપાલા અને શ્રી દેવુસિંહ ચૌહાણ સહિતના મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે સ્વ. ધરમશીભાઈને હું એક વખત મળેલો છું. તેમનું વ્યક્તિત્વ પ્રેરણાદાયી હતું. તેઓ સંત જેવું જીવન જીવતા હતા. રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ગીતા અને ઉપનિષદોમાં ત્યાગીને ભોગવવાની વાત કરવામાં આવી છે. સ્વ. ધરમશીભાઈ ત્યાગ અને તપસ્યાપૂર્ણ જીવન જીવી ગયા છે. શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે તેમનાં સેવાકીય કાર્યો દર્શાવે છે કે તેઓ લોકોની ભલાઈ માટે જીવન જીવ્યા હતા. રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે આવા માનવતાવાદી અને મૂલ્યો સાથે જીવન જીવેલા મહાનુભાવોનું જીવનચરિત્ર ઉપલબ્ધ કરાવીને મોરડીયા પરિવારે આવનારી પેઢીઓ પર મોટો ઉપકાર કર્યો છે. સ્વ. ધરમશીભાઈનું જીવન અને કાર્યો અનેક પેઢીઓને પ્રેરણા આપતા રહેશે, એવું તેમણે ઉમેર્યું હતું. રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે કેટલાક લોકો જીવનમાં ધન-સંપત્તિમાં લિપ્ત રહે છે, જ્યારે અલિપ્ત રહેનારા જળકમળવત્ રહીને પોતાની સંપત્તિને માનવતાવાદી સત્કાર્યોમાં વાપરે છે. માનવીનાં કર્મો જ તેની સાચી મૂડી છે. સદ્‌વિચાર અને સદ્‌ગુણ જ વ્યક્તિને અનેકોમાં એક બનાવે છે. જીવન વેંઢારવા અને જીવવામાં બહુ ફરક છે, એવું તેમણે ઉમેર્યું હતું. પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી પુરુષોત્તમ રૂપાલાએ જણાવ્યું હતું કે સ્વ. ધરમશીદાદા સફેદ વસ્ત્રમાં સાધુપુરુષ જેવું જીવન જીવતા હતા. તેમના પરનું આ પુસ્તક આવનારી પેઢીઓને પ્રેરણા આપતું રહેશે અને તેમનાં કર્મોની સુવાસ લોકો સુધી પહોંચતી રહેશે. શ્રી રૂપાલાએ નવી પેઢીને આ પુસ્તક વાંચીને પ્રેરણા લેવા અનુરોધ કર્યો હતો અને જણાવ્યું હતું કે માહિતીનો ચારેકોર વિસ્ફોટ છે ત્યારે આવા સાધુપુરુષના જીવનચરિત્ર પ્રગટ થવા જોઈએ અને વંચાવા જોઈએ. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે મારા જેવાએ તો સ્વ. ધરમશીભાઈને જીવંત જોયેલા છે, પરંતુ હવે આ પુસ્તકના માધ્યમથી ગામેગામ તેમના જીવન અને કાર્યોની સુવાસ પહોંચી શકશે. મંત્રી શ્રી પ્રફુલભાઈએ વધુમાં જણાવ્યું હતું કે માટી અને માણસાઈની સુગંધ અનંત કાળ સુધી ટકી રહેતી હોય છે. દાદાની સેવાકીય પ્રવૃત્તિઓથી બધા પરિચિત છે અને આ પુસ્તક થકી સમાજના તમામ વર્ગના લોકો સુધી તેમની સેવાભાવનાની સુવાસ ફેલાશે, એવી આશા તેમણે વ્યક્ત કરી હતી. પુસ્તકના લેખક બીરેન કોઠારીએ પુસ્તકની રચના પાછળની પ્રક્રિયા વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે સ્વ. ધરમશીભાઈના જીવનને સમજવા માટે માત્ર ઉપલબ્ધ દસ્તાવેજો અને માહિતીને આધારે લેખન કરવામાં આવ્યું નથી. તેમના જીવન સાથે સંકળાયેલાં વિવિધ સ્થળોની મુલાકાતો લેવામાં આવી હતી અને તેમને નજીકથી જાણતા આશરે ૪૦થી ૪૫ લોકો સાથે રૂબરૂ વાતચીત કરીને માહિતી એકત્રિત કરવામાં આવી હતી. આ પ્રક્રિયામાં પરિવારજનો ઉપરાંત તેમની સાથે કામ કરનારા સાથીદારો, પાડોશીઓ, સગાંસંબંધીઓ તથા તેમની સાથે વ્યવસાયિક સંબંધ ધરાવનારા લોકોની સ્મૃતિઓ અને અનુભવોને પણ મહત્ત્વ આપવામાં આવ્યું હતું. આ સંવાદોનો હેતુ માત્ર જીવનની ઘટનાઓ નોંધવાનો નહીં, પરંતુ સ્વ. ધરમશીભાઈના સ્વભાવ, વ્યવહાર, સંબંધો અને જીવનમૂલ્યોને વિવિધ દૃષ્ટિકોણથી સમજવાનો હતો, એવું તેમણે ઉમેર્યું હતું. સ્વ. ધરમશીભાઈના પૌત્ર શ્રી શરદ મોરડીયાએ સ્વાગત પ્રવચન કરતાં પોતાના દાદાનાં સ્મરણો વાગોળ્યા હતા. તેમણે વાંચનના શોખીન દાદાનો ભગવદ્ ગીતા પ્રત્યેનો પ્રેમ અને સતત વાંચનને યાદ કરીને તેમના સદ્‌ગુણોને સંભાર્યા હતા. સ્વ. ધરમશીભાઈના પુત્ર શ્રી હરીશભાઈ મોરડીયાએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમનો પ્રારંભ ચારુલ ભરવાડા અને વિનય મહાજન દ્વારા ખેતી અને માનવતા આધારિત ગીતની પ્રસ્તુતિથી થયો હતો. આ પ્રસંગે સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, સાંસદ શ્રી દિનેશ મકવાણા, સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણ, સ્થાનિક ધારાસભ્ય શ્રી બાબુભાઈ જ. પટેલ સહિતના ધારાસભ્યશ્રીઓ, શ્રી ઓધવજીભાઈ મોણપરા, શ્રી રાકેશ દૂધાત સહિતના સમાજના વિવિધ વર્ગોના અગ્રણીઓ, સામાજિક કાર્યકરો, ઉદ્યોગપતિઓ, રાજકીય આગેવાનો, ખેડૂતો તથા પરિવારજનો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. પુસ્તક વિમોચન સમારંભ પછી ગુજરાતના ખ્યાતનામ કલાકારો દ્વારા ભજનસંધ્યાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના માધ્યમથી સમગ્ર પ્રસંગને ભક્તિમય અને ભાવસભર સમાપન આપવાનો ઉદ્દેશ હતો. અત્રે ઉલ્લેખનીય છે કે સ્વ. ધરમશીભાઈ મોરડીયાનું જીવનચરિત્ર 'માટી અને માણસાઈ : ધરમશીભાઈ મોરડીયા - પ્રેરક જીવન અને કાર્યની ઝલક' ચાર ખંડમાં વહેંચવામાં આવ્યું છે. પ્રથમ ખંડ 'જીવનકથા', બીજો ખંડ 'સેવાસરવાણી', ત્રીજો ખંડ 'અક્ષરદેહ' અને ચોથો ખંડ 'દિલની વાણી' છે. આ ઉપરાંત 'સુવાસ પ્રસરાવી ગયેલા ફૂલની ક્યારી' નામનું પરિશિષ્ટ પણ પુસ્તકમાં સામેલ કરવામાં આવ્યું છે.

# મેઘાલય વિધાનસભાની અંદાજ સમિતિના અધ્યક્ષ શ્રી માયરાલબોર્ન સિયેમ સહીત કુલ ૦૩ સભ્યો અને ૦૩ ઉચ્ચઅધિકારીઓનું પ્રતિનિધિ મંડળ ગુજરાત વિધાનસભાની મુલાકાતે

## બજેટ ગ્રાન્ટનો પૂર્ણ ઉપયોગ અને પ્રજાકલ્યાણ જ અંદાજ સમિતિનો મુખ્ય હેતુ: વિધાનસભાની અંદાજ સમિતિના અધ્યક્ષ ડો. સી. જે. ચાવડા



કમલમ્,

ગુજરાત વિધાનસભા ખાતે મેઘાલય વિધાનસભાની અંદાજ સમિતિના અધ્યક્ષ શ્રી માયરાલબોર્ન સિયેમ સહિત કમિટીના સભ્યો તેમજ ઉચ્ચ અધિકારીઓના પ્રતિનિધિ મંડળનું ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિના અધ્યક્ષ ડૉ. સી. જે. ચાવડા દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિના અધ્યક્ષ ડૉ. સી. જે. ચાવડાએ જણાવ્યું હતું કે, ધારાસભાની નાણાકીય સમીક્ષા પ્રક્રિયામાં અંદાજ સમિતિની ભૂમિકા અત્યંત નિર્ણાયક છે. પ્રજાના નાણાંનો યોગ્ય ઉપયોગ, યોજનાઓનું કાર્યક્ષમ અમલીકરણ અને વહીવટમાં પારદર્શિતા લાવવી એ સમિતિનો મુખ્ય હેતુ છે. ૧૫ સભ્યોની આ સમિતિએ અત્યાર સુધીમાં ૧૯૪ અહેવાલો રજૂ કર્યા છે, જ્યારે વર્તમાન ૧૫મી વિધાનસભા દરમિયાન વિવિધ વિભાગોની સમીક્ષા કરી ૮ મહત્વના અહેવાલો ગૃહમાં રજૂ કરાયા છે. બજેટ ગ્રાન્ટનો પૂર્ણ ઉપયોગ થાય અને યોજનાઓના પાત્રતાના નિયમો સરળ બનાવી વધુમાં વધુ નાગરિકોને લાભ મળે તે દિશામાં સમિતિ સતત કાર્યરત છે. તેમણે ઉમેર્યું કે, અલગ ભૌગોલિક અને સામાજિક પરિવેશ હોવા છતાં ગુજરાત અને મેઘાલય બંને રાજ્યો સુશાસન માટે કટિબદ્ધ છે. આ મુલાકાતથી બંને રાજ્યોને ઉત્કૃષ્ટ સંસદીય કાર્યપદ્ધતિઓ અને અનુભવોની આપ-લે કરવાનો શ્રેષ્ઠ અવસર મળ્યો છે.

મેઘાલય વિધાનસભાની અંદાજ સમિતિના અધ્યક્ષ શ્રી માયરાલબોર્ન સિયેમે ગુજરાત ખાતેની બેઠકમાં જણાવ્યું હતું કે, મેઘાલય સરકાર હાલ શિક્ષણ, આરોગ્ય, માર્ગ કનેક્ટિવિટી અને પ્રવાસન જેવા ચાર મુખ્ય ક્ષેત્રોના સર્વાંગી વિકાસ પર ભાર મૂકી રહી છે. બંધારણની છઠ્ઠી અનુસૂચિ હેઠળની વિશેષ જમીન પ્રણાલી અને પહાડી ભૌગોલિક પરિસ્થિતિઓ હોવા છતાં, રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના નાણાંનો મહત્તમ લાભ પ્રજા સુધી પહોંચે તે માટે તેમની સમિતિ નિષ્ઠાપૂર્વક સમીક્ષા કરી રહી છે તેમ શ્રી સિયેમે જણાવ્યું હતું. આ શ્રી સિયેમે ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિના અધ્યક્ષ ડૉ. સી. જે. ચાવડા સહિત તમામ સભ્યો અને અધિકારીઓને મેઘાલયના મનોરમ હવામાન, કુદરતી સૌંદર્ય અને વિશિષ્ટ સંસ્કૃતિનો રૂબરૂ અનુભવ કરવા માટે મેઘાલય આવવાનું સ્નેહભર્યું નિમંત્રણ પણ આપ્યું હતું. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિ અને મેઘાલય વિધાનસભાની અંદાજ સમિતિ વચ્ચે એક મહત્વપૂર્ણ આંતર-સંસદીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

બેઠકમાં બંને રાજ્યોની વિધાનસભાઓની સંસદીય કાર્યપ્રણાલી, અંદાજ સમિતિની કામગીરી અને લોકશાહી મૂલ્યોને સુદ્રઢ બનાવવા અંગે સઘન વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન વિધાનસભાના સચિવ શ્રી ચેતન પંડ્યાએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. તેમણે મેઘાલયથી આવેલા સમિતિના તમામ સભ્યોને ગુજરાત અંદાજ સમિતિના પુસ્તક સપ્રેમ ભેટ આપી હતી અને ગુજરાત વિધાનસભાની વેબસાઈટ તેમજ તેની આધુનિક કાર્યપદ્ધતિ વિશે માહિતગાર કર્યા હતા. આ ઉપરાંત વિધાનસભા મુલાકાત દરમિયાન ઉપસ્થિત પ્રતિનિધિ મંડળને વિધાનસભા ખાતે કાર્યરત પેપરલેસ કામગીરીના ભાગરૂપે વિધાનસભામાં અમલી દ્રીફછ સેવા કેન્દ્રની કામગીરી, મંત્રીશ્રીઓ-ધારાસભ્યશ્રીઓની બેઠક વ્યવસ્થા, પ્રેસ અને વીવીઆઈપી ગેલેરી તેમજ સામાન્ય નાગરિકો ગૃહની કામગીરી નિહાળી શકે તે માટેની વિવિધ બેઠક વ્યવસ્થા સહિતની વિવિધ સુવિધાઓ વિશે વિધાનસભાના અધિકારીઓ દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મેઘાલય વિધાનસભાની અંદાજ સમિતિના સભ્યોમાં રેનિકટોન તોંગખાર, ગેબ્રિયલ વાહલાંગ, રેમિંગ્ટન મોમિન, મેઘાલય વિધાનસભા અંદાજ સમિતિના અધિકારીઓમાં શ્રી લીલી લકિયાંગ, શ્રી ઈબાનિલા ચાઈન, શ્રી રીબાલિન ખારપ્રાન તેમજ ગુજરાત વિધાનસભાના અંદાજ સમિતિમાંથી સભ્ય શ્રી રાજેન્દ્રકુમાર ચાવડા, શ્રી અમુલ ભટ્ટ, સમિતિ સચિવ ડો.હર્ષિલ પટેલ, ઉપસચિવ શ્રી નિરજ ગામીત સહીત શાખાના અધિકારી - કર્મચારીઓ મેઘાલયની અંદાજ સમિતિ સાથેની ચર્ચા માં હાજર રહ્યા હતા.

## વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭માં ઉપસ્થિત રહેવા રાજસ્થાનના માનનીય મુખ્યમંત્રીશ્રી ભજન લાલ શર્મા અને માનનીય નાયબ મુખ્યમંત્રી દિયા કુમારીને આમંત્રણ પાઠવાયું





કમલમ્, ગાંધીનગર

ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, ગ્રામ વિકાસ વિભાગના મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા રાજસ્થાનના માનનીય મુખ્યમંત્રીશ્રી ભજન લાલ શર્મા તથા માનનીય નાયબ મુખ્યમંત્રી દિયા કુમારી સાથે મુલાકાત કરી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭માં ઉપસ્થિત રહેવા માટે બંન્ને મહાનુભાવોને ઔપચારિક આમંત્રણ પાઠવ્યું હતું. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭નું આયોજન આગામી તા. ૧૦થી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૭ દરમિયાન ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે કરવામાં આવ્યું છે. આ સમિટ વૈશ્વિક રોકાણકારો, ઉદ્યોગપતિઓ, નીતિનિર્માતાઓ અને વિવિધ ક્ષેત્રના અગ્રણીઓને એક મંચ પર લાવીને રોકાણ, ઔદ્યોગિક વિકાસ, નવીનતા અને આંતરરાષ્ટ્રીય સહયોગની નવી તકો ઊભી કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ગુજરાત અને રાજસ્થાન વચ્ચેના આંતરરાજ્ય સહયોગને વધુ મજબૂત બનાવવા તેમજ વિકાસ અને રોકાણના ક્ષેત્રોમાં પરસ્પર સહભાગિતાને પ્રોત્સાહન આપવા માટે આ મુલાકાત મહત્વપૂર્ણ બની રહેશે. આ પ્રસંગે પ્રેફન્નના મેનેજિંગ ડિરેક્ટર શ્રીમતી શાલિની અગ્રવાલ (IAS) પણ ઉપસ્થિત રહ્યાં હતા.

## ભીડ નહીં, બંધારણ: લોકતંત્રના નામે અરાજકતા ફેલાવતા વિપક્ષને જનતાનો જવાબ - મિતેષભાઈ પટેલ (બકાભાઈ), સાંસદ, આણંદ લોકસભા



કમલમ્,

ભારતનું લોકતંત્ર કોઈ પક્ષની જાગીર નથી અને કોઈ ભીડની દયા પર ટકેલું પણ નથી. તે ૧૪૦ કરોડ નાગરિકોના વિશ્વાસ અને બંધારણની મજબૂત પાયાની વ્યવસ્થા પર ઊભું છે. તેમ છતાં આજે દેશ એક વિચિત્ર દૃશ્ય જોઈ રહ્યો છે. જે વિપક્ષને જનતાએ વારંવાર મતદાન દ્વારા નકાર્યો છે, તે હવે મતદાનની પ્રતિષ્ઠા પર જ પ્રહાર કરી રહ્યો છે. જનાદેશ સ્વીકારવાની હિંમત ન હોય ત્યારે શેરી પર ઊતરીને "વોટ ચોરી" ના નારા લગાવવા એ વિરોધ નથી, એ હારની હતાશાનું પ્રદર્શન છે. દિલ્હીમાં તાજેતરમાં વિપક્ષી ગઠબંધનના નેતાઓએ કરેલા પ્રદર્શનો આ જ માનસિકતાનું ઉદાહરણ છે. મતદાર યાદીના વિશેષ સઘન પુનરીક્ષણનો હેતુ મૃત, સ્થળાંતરિત અને બેવડી નોંધણી ધરાવતા નામો દૂર કરીને સાચા મતદારનો અધિકાર સુરક્ષિત કરવાનો છે. જેને શુદ્ધ મતદાર યાદીથી ડર લાગે, તેની નિષ્ઠા પર પ્રશ્ન ઊઠવો સ્વાભાવિક છે. આ જ વિપક્ષી પક્ષો જે રાજ્યોમાં જીતે છે ત્યાં એ જ ચૂંટણી વ્યવસ્થા અને એ જ ઈવીએમને સાચાં માને છે, અને જ્યાં હારે છે ત્યાં તેને ચોરી ગણાવે છે. આ બેવડાં ધોરણો જનતા સારી રીતે સમજે છે. જો ખરેખર કોઈ ગેરરીતિના પુરાવા હોય, તો ચૂંટણી પંચ અને અદાલતના દરવાજા ખુલ્લા છે. પુરાવા રજૂ કરવાને બદલે માત્ર નારાબાજી અને રસ્તા રોકવાથી શંકાનું વાતાવરણ ઊભું કરવું એ જવાબદાર વિપક્ષનું નહીં, બેજવાબદાર રાજકારણનું લક્ષણ છે. બંધારણની નકલ હાથમાં લઈને ફરતી કોંગ્રેસે ખબર જ હશે કે, બંધારણની ભાવનાને સૌથી મોટો ઘા તેમણે જ ૧૯૭૫માં માર્યો હતો. કટોકટી લાદીને નાગરિકોના મૂળભૂત અધિકારો છીનવાયા, અખબારો પર સેન્સરશિપ લાગી અને હજારો લોકોને કોઈ ગુના વગર જેલમાં ધકેલાયા. જે પક્ષે લોકતંત્રનું ગળું ઘોંટ્યું હતું, તે આજે લોકતંત્રનો ઉપદેશક બનીને ફરે એ ઈતિહાસની સૌથી મોટી વક્રતા છે. વિદેશી મંચો પર જઈને ભારતની સંસ્થાઓ અને કરોડો લોકોના વિચારધારાકીય પરિવારને બદનામ કરવો, અને પછી ભારતમાં લોકતંત્ર બચાવવાની વાતો કરવી, એમાં દેશપ્રેમ નહીં પણ રાજકીય સગવડ દેખાય છે. દેશનો મતદાર આવા પ્રયત્નોને પરદેશમાં નહીં, ભારતની મતપેટીમાં જવાબ આપે છે. વિપક્ષની સૌથી મોટી સમસ્યા એ છે કે તેની પાસે ન કોઈ સ્પષ્ટ નીતિ છે, ન વિકાસનો નકશો, ન સર્વમાન્ય નેતૃત્વ. જે ગઠબંધન પોતાના જ નેતાના મુદ્દે એકમત ન થઈ શકે, જેના ઘટક પક્ષો પરિવારવાદ અને સ્વાર્થની રાજનીતિમાં ડૂબેલા હોય, તે દેશને સ્થિર નેતૃત્વ કેવી રીતે આપશે? બીજી તરફ માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબના નેતૃત્વમાં દેશે ડિજિટલ ઈન્ડિયા, સીધા લાભ હસ્તાંતરણ, જનધન, ઉજ્જ્વલા, આયુષ્માન ભારત, હર ઘર નળ અને મજબૂત માળખાકીય વિકાસ દ્વારા લોકતંત્રને ખરા અર્થમાં છેવાડાના માણસ સુધી પહોંચાડ્યું છે. લોકતંત્રનું સાચું માપ એ છે કે ગરીબને પોતાનો હક વચેટિયા અને ભ્રષ્ટાચાર વગર મળે છે કે નહીં, અને આજે એ ખુલ્લું સત્ય છે કે મળે છે. યુવાનોને ઉશ્કેરવાનો પ્રયાસ તો વિપક્ષની સૌથી ખતરનાક રમત છે. પડોશી દેશોમાં થયેલી અશાંતિનાં ઉદાહરણ આપીને ભારતના યુવાનોને અરાજકતાનું સ્વપ્ન બતાવવું એ દેશના ભવિષ્ય સાથે ચેડાં છે. ભારતનો યુવાન સ્ટાર્ટઅપ, અવકાશ વિજ્ઞાન, રમતગમત અને નવીનતામાં દેશનું નામ રોશન કરી રહ્યો છે, તેને પથ્થર અને પોકારની રાજનીતિમાં ધકેલવાની કોશિશ સફળ નહીં થાય. ભારત નેપાલ કે બાંગ્લાદેશ નથી. અહીં સત્તા પરિવર્તન ભીડથી નહીં, મતદાનથી થાય છે અને એ જ આપણા લોકતંત્રની મહાનતા છે. અંતે, સંસદ, અદાલત, ચૂંટણી પંચ અને સ્વતંત્ર પ્રેસ ભારતના લોકતંત્રના સ્તંભ છે અને આ સ્તંભોને નબળા પાડવાના દરેક પ્રયાસનો જવાબ જનતા વારંવાર આપતી આવી છે. વિપક્ષ માટે હજી સમય છે કે તે નકારાત્મકતા, ભ્રમ અને અરાજકતાની રાજનીતિ છોડીને રચનાત્મક વિરોધનો માર્ગ અપનાવે. નહીં તો જનતાનો ચુકાદો સ્પષ્ટ છે: દેશ ભીડ સાથે નહીં, બંધારણ અને વિકાસ સાથે ઊભો છે.

# દક્ષિણ કોરિયાના પ્રખ્યાત 'યંગવન કોર્પોરેશન' કંપનીને ગુજરાતમાં રોકાણ માટે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીનું આમંત્રણ

## વૈશ્વિક સ્તરે અંદાજે ૧ લાખથી વધુ કર્મચારીઓ ધરાવતી ટેક્સટાઇલ અને આઉટડોર ગારમેન્ટ ક્ષેત્રની અગ્રણી કંપની 'યંગવન કોર્પોરેશન' સાથે યોજાઈ મહત્વપૂર્ણ બેઠક





ગુજરાતના મજબૂત ટેક્સટાઇલ ઇકોસિસ્ટમ અને નવસારીના 'પીએમ મિત્રા પાર્ક'માં સંયુક્ત સાહસો સ્થાપવા શ્રી હર્ષ સંઘવીએ કર્યું આહવાન

કમલમ્,

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંતર્ગત દક્ષિણ કોરિયાના પ્રવાસે ગયેલા ગુજરાતના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે દેગુ (Daegu) ખાતે વૈશ્વિક ટેક્સટાઈલ ક્ષેત્રે અગ્રણી 'યંગવન કોર્પોરેશન' (Youngone Corporation) સાથે વિશેષ બેઠક યોજી હતી. આ બેઠકમાં 'યંગવન કોર્પોરેશન'ના પ્રેસિડેન્ટ શ્રી જે-યોંગ પાર્ક સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, 'યંગવન કોર્પોરેશન' એ વૈશ્વિક સ્તરે આઉટડોર સ્પોર્ટ્સવેર, પરફોર્મન્સ ગારમેન્ટ્સ અને ટેક્સટાઈલ ઉત્પાદનમાં ખૂબ મોટું નામ છે, જેમાં આશરે ૧ લાખ જેટલા વિશાળ કાર્યબળ (કર્મચારીઓ) કાર્યરત છે. ઉચ્ચ ગુણવત્તાવાળા ફેબ્રિક્સ અને સિન્થેટિક મટિરિયલ્સના ઉત્પાદનમાં આ વૈશ્વિક કંપની મોખરાનું સ્થાન ધરાવે છે. બેઠક દરમિયાન નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ યંગવન કોર્પોરેશનના નેતૃત્વને ગુજરાતમાં રોકાણ કરવા તેમજ સંયુક્ત સાહસો સ્થાપવા ભારપૂર્વક નિમંત્રણ પાઠવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ભારતના સમગ્ર મેન-મેડ ફાઈબર ઉત્પાદનમાં એકલું ગુજરાત ત્રીજા ભાગનું યોગદાન આપે છે. રાજ્યમાં કપાસથી લઈને રેડીમેડ ગારમેન્ટ સુધીની સંપૂર્ણ વેલ્યુ ચેઈન ઉપલબ્ધ છે. શ્રી સંઘવીએ ખાસ ભારપૂર્વક જણાવ્યું કે, નવસારી ખાતે ૧,૧૪૨ એકરમાં બની રહેલો અત્યાધુનિક 'પીએમ મિત્રા ટેક્સટાઈલ પાર્ક' યંગવન જેવી વૈશ્વિક જાયન્ટ કંપનીઓ માટે રોકાણની વિપુલ તકો પૂરી પાડે છે. ગુજરાતની ઉદ્યોગ-ફ્રેન્ડલી નીતિઓ, ઉત્તમ પોર્ટ અને લોજિસ્ટિક્સ કનેક્ટિવિટીનો લાભ લઈને યંગવન કોર્પોરેશન ગુજરાત સાથે ભાગીદારી કરીને નવા શિખરો સર કરી શકે છે. તેમણે કંપનીના પ્રતિનિધિઓને આગામી વાઈબ્રન્ટ સમિટમાં ઉપસ્થિત રહેવા તેમજ ગુજરાતના ટેક્સટાઈલ ક્લસ્ટર્સની રૂબરૂ મુલાકાત લેવા આહવાન કર્યું હતું.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028